સત્યમેવ જયતે
ગુજરાત સરકાર
Government of Gujarat

રાજ્યના જિલ્લા, રાજ્ય અને રાષ્ટ્રકક્ષાએ યોજવામાં આવતી રમતગમત સ્પર્ધાઓમાં ભાગ લેતા ખેલાડીઓને ઈજા થાય તેવા પ્રસંગે આર્થિક સહાય આપવા બાબત.

ગુજરાત સરકાર,
રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ SYCAD/MSM/e-file/19/2024/0639/B
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૩/૧૨/૨૦૨૪

**વંચાણે લીધા:**

(૧) આ વિભાગનો તા.૧૮/૦૧/૨૦૧૪નો ઠરાવ ક્ર: યસપ/૧૦૨૦૧૩/૨૨૫/બ

(૨) આ વિભાગનો તા.૨૪/૦૮/૨૦૨૨નો ઠરાવ ક્ર: યસપ/૧૦૨૦૨૨/૪૯૩/પાયકા

(૩) સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાત, ગાંધીનગરની કચેરીના પત્ર ક્રઃ એસએજી/SGFI (Sports)/૨૦૨૪-૨૫/૩૮૧, તા.૨૩/૦૫/૨૦૨૪

(૪) સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાત, ગાંધીનગરની કચેરીના પત્ર ક્રઃ એસએજી/DLSS/ એવોર્ડ/૨૦૨૩-૨૪/૫૧૮, તા.૦૪/૦૭/૨૦૨૪

**પ્રસ્તાવના:**

રાજ્યના રાષ્ટ્રકક્ષા, રાજ્યકક્ષા અને જિલ્લા કક્ષાએ યોજવામાં આવતી રમતગમત સ્પર્ધામાં ઈજા પામનાર ખેલાડીઓને આર્થિક સહાય આપવા અંગેના નિયમો વંચાણે લીધેલ ક્રમ-(૧) પરના આ વિભાગના તા.૧૮/૦૧/૨૦૧૪ના ઠરાવથી અમલમાં છે. આ વિભાગના વંચાણે લીધેલ ક્રમ-(૨) પરના તા.૨૪/૦૮/૨૦૨૨ના ઠરાવથી નિયામકશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, ગાંધીનગર હસ્તકની રમતગમત સંબંધિત યોજનાઓ/પ્રવૃત્તિઓને ગુજરાત ખેલ સત્તા મંડળ(સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાત)ને તબદીલ કરવામાં આવેલ છે. જે અન્વયે સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાતની કચેરી દ્વારા વંચાણે લીધેલ ક્રમ-(૩) અને ક્રમ-(૪) પરના અનુક્રમે તા.૨૩/૦૫/૨૦૨૪ અને તા.૦૪/૦૭/૨૦૨૪ના પત્રથી રાજ્યના રાષ્ટ્રકક્ષા, રાજ્યકક્ષા અને જિલ્લા કક્ષાએ યોજવામાં આવતી રમતગમત સ્પર્ધામાં ઈજા પામનાર ખેલાડીઓને આર્થિક સહાય આપવા અંગેના આ વિભાગના તા.૧૮/૦૧/૨૦૧૪ના ઠરાવમાં જરૂરી સુધારા કરવા તથા તાલુકા કક્ષાની રમતગમત સ્પર્ધામાં ભાગ લેનાર ખેલાડીઓને પણ લાભ આપવા અંગેનો સમાવેશ કરવા દરખાસ્ત કરવામાં આવેલ. જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

પુખ્ત વિચારણાને અંતે રાજ્યના રાષ્ટ્રકક્ષા, રાજ્યકક્ષા અને જિલ્લા કક્ષાએ યોજવામાં આવતી રમતગમત સ્પર્ધામાં ઈજા પામનાર ખેલાડીઓને આર્થિક સહાય આપવા અંગેના વંચાણે લીધેલ ક્રમ-(૧) પરના આ વિભાગના તા.૧૮/૦૧/૨૦૧૪ના ઠરાવમાં તાલુકા કક્ષાની રમતગમત સ્પર્ધામાં ભાગ લેનાર ખેલાડીઓને ઈજા થાય તેવા પ્રસંગે આર્થિક સહાયનો લાભ આપવા અંગેનો સમાવેશ કરવાનું

તથા ખેલાડીઓને આર્થિક સહાય આપવાના નિયમો અંગેના પરિશિષ્ટ–અ માં સુધારો કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

આ વિભાગના તા.૧૮/૦૧/૨૦૧૪ના ઠરાવની અન્ય શરતો યથાવત રહેશે.

આ અંગેનો ખર્ચ "માંગણી ક્રમાંકઃ ૯૮, મુખ્ય સદર–૨૨૦૪(ખેલકૂદ અને યુવક સેવાઓ), પેટા મુખ્ય સદર–૦૦, ગૌણ સદર–૧૦૪(ખેલકૂદ અને રમતો), પેટા સદર –૦૬(EDN-54-ગુજરાત ખેલકૂદ સત્તામંડળ હેઠળ ખેલકૂદ પ્રવૃત્તિઓનું વિસ્તરણ), હેતુ સદર–૩૧૩૫(અન્યને જનરલ સહાયક અનુદાન)(મતપાત્ર)(મહેસૂલી)" બજેટ સદર હેઠળ ઉધારવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર સરકારશ્રીની મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(પાયલ બ્રહ્મભટ્ટ)
સેક્શન અધિકારી,
રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ,
ગુજરાત સરકાર.

બિડાણઃ– પરિશિષ્ટ–અ

પ્રતિ,

- માન.રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ–૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી(નાણા)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ–૧, સચિવાલય, ગાંધીનગર.
- અંગત સચિવશ્રી, માન.રા.ક.મંત્રીશ્રી(રમતગમત અને યુવક સેવા), સ્વર્ણિમ સંકુલ–૨, ૧ લો માળ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્રસચિવશ્રીના અંગત સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્રસચિવશ્રીના અંગત સચિવશ્રી, રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, સરદાર ભવન, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(ખર્ચ)ના અંગત સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- ડાયરેક્ટર જનરલશ્રી, સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી(ર.ગ.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજરશ્રી, રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, સચિવાલય, ગાંધીનગર(આ ઠરાવ વિભાગની સાઈટ પર અપલોડ કરવા સારૂ.)
- સિલેક્ટ ફાઈલ–૨૦૨૪.

## પરિશિષ્ટ–અ

**રાજ્યના રાષ્ટ્ર કક્ષા, રાજ્ય કક્ષા, જિલ્લા કક્ષા અને તાલુકા કક્ષાએ રમાતી રમતોમાં ઈજા પામનાર ખેલાડીઓને આર્થિક સહાય આપવાના નિયમો :–**

(૧) ફક્ત સ્પર્ધાના સ્થળે અથવા સ્પર્ધામાં આવતા–જતા મુસાફરી દરમ્યાન ઈજા થાય તો તેવા ખેલાડીને ઈજાના પ્રમાણમાં સહાય મંજૂર કરવામાં આવશે.

(૨) હાથ, પગ જેવા અંગે આજીવન ગુમાવવા પડે તેવી ઈજા થાય તો તેવા પ્રસંગે સિવિલ સર્જનનું દાકતરી પ્રમાણપત્ર રજૂ કરવામાં આવે તો તેવા ખેલાડીને ઉચ્ચક સહાય મંજૂર કરી શકાશે.

(૩) જે તે જિલ્લાના જિલ્લા રમતગમત અધિકારી મારફતે ડાયરેક્ટર જનરલશ્રી, સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાત, ગાંધીનગરને અરજી કરવાની રહેશે.

(૪) જરૂર જણાયે સરકારી હોસ્પીટલનો અભિપ્રાય મેળવવાનો રહેશે.

(૫) ઈજાગ્રસ્ત ખેલાડીને તાત્કાલિક સહાય મળે તે માટે જિલ્લા રમતગમત અધિકારીએ સહાય અંગે તાત્કાલિક કાર્યવાહી કરવાની રહેશે.

(૬) ખેલાડી ગુજરાતનો વતની હોવો જોઈએ.

(૭) આર્થિક સહાય માટે આવક મર્યાદા લાગુ પડશે નહી.

(૮) સ્પર્ધા દરમ્યાન ઈજાગ્રસ્ત ખેલાડી સરકારી હોસ્પીટલમાં સારવાર લેવા ના ઈચ્છે તો ખાનગી હોસ્પીટલમાં સારવાર માટે નીચે પ્રમાણે સહાય ચૂકવવાની રહેશે.

| | | |
|---|---|---|
| (૧) | ઓપરેશન સિવાયના કિસ્સામાં તમામ દવાઓનો ખર્ચ વધુમાં વધુ | રૂ.૨૫,૦૦૦/–ની મર્યાદામાં |
| (૨) | ઓપરેશન કરવું પડે તો ઓપરેશનના અને દવાનો ખર્ચ મળીને | રૂ.૭૫,૦૦૦/–ની મર્યાદામાં |
| (૩) | કાયમી ખોડ ખાંપણ થાય તો (૪૦ ટકાથી વધુ ખોડખાંપણ હોય તો) | રૂ.૧,૮૫,૦૦૦/–ની મર્યાદામાં |
| (૪) | મૃત્યુ થાય તો | રૂ.૫,૦૦,૦૦૦/– |

(૯) સ્પર્ધામાં ભાગ લેનાર ખેલાડીએ સ્પર્ધામાં ભાગ લેતાં પહેલાનું ફીટનેશ અંગેનું દાકતરી પ્રમાણપત્ર આપવાનું રહેશે.